# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૧૨.૦૮.૨૦૧૭

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના "ભારત જોડો" ના અભિયાન દ્વારા ગંદકી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદને દૂર કરવાના સંકલ્પો સાથે "નયા ભારત"ના નિર્માણ માટે "સંકલ્પ સે સિધ્ધિ"ના કાર્યક્રમો કરવામાં આવશે - શ્રી ભરત પંડ્યા**

---------------------

**ભાજપ દ્વારા દરેક મંડલમાં સ્વાતંત્ર્ય સેનાની, શહીદોને પુષ્પાંજલી, મશાલ સરઘસ, મોટર સાઈકલ દ્વારા ત્રિરંગા રેલીઓ યોજાશે - શ્રી ભરત પંડ્યા**

---------------------

**૧૮ ઓગષ્ટે શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં શ્રી ભૂપેન્દ્રજી યાદવ, શ્રી વી. સતીષજીની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક "શ્રી કમલમ્", કોબા ખાતે યોજાશે.**

---------------------

**૩૦ ઓગષ્ટ સુધીમાં ૮ થી વધુ "નયા ભારત" મંથન – સેમિનારોમાં કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને રાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ આવશે.**

---------------------

**ભાજપા દ્વારા સ્વચ્છતા અભિયાન, રક્તદાન કેમ્પ અને વૃક્ષારોપણના કાર્યક્રમો કરવામાં આવશે.**

---------------------

ભાજપાના પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, તા. ૦૯ મી ઓગષ્ટ, ૧૯૪૨ના રોજ સ્વરાજય માટેનો સંકલ્પ સાથે આ "ક્રાંતિ દિવસ" અંગ્રેજોને "ભારત છોડો" આંદોલનના સંકલ્પથી પ્રારંભ થયો અને ૫ વર્ષ પછી તા. ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના દિવસે દેશની સ્વતંત્રતા સાથે આ સંકલ્પ સિધ્ધ થયો હતો. ભારતને ૨૦૨૨માં આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૦૯ મી ઓગષ્ટ, ૨૦૧૭ આવેલ ક્રાંતિ દિવસથી શરૂ કરીને ૨૦૨૨ સુધી એટલે કે ૫ વર્ષ સુધી સંકલ્પ સે સિધ્ધિ મંત્ર સાથે "નયા ભારત"ના નિર્માણ માટે "ભારત જોડો" નું એક મહાઅભિયાન ચલાવવા દેશની જનતાને આહ્‌વાન કર્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ દ્વારા કેન્દ્ર ભાજપની યોજના પ્રમાણે પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં ગુજરાત ભાજપે "નયા ભારત"ના નિર્માણમાં "સંકલ્પ સે સિધ્ધિ"નાં કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, તા. ૦૯ ઓગષ્ટ થી ૧૪ ઓગષ્ટ સુધી દરેક મંડલમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ શહીદોની પ્રતિમાઓને ભાજપ દ્વારા પુષ્પાંજલી કરીને મશાલ સરઘસ કાઢવામાં આવશે. દરેક મંડલ સ્તરે મોટર સાઈકલ રેલી દ્વારા ત્રિરંગા યાત્રાનું આયોજન થશે. તા. ૧૪ ઓગષ્ટે આઝાદીની પૂર્વ સંધ્યાએ દેશભક્તિના ગીતોના કાર્યક્રમોનું આયોજન કરશે. તા. ૧૫ ઓગષ્ટે ધ્વજવંદનના કાર્યક્રમો કરવા. આ દિવસે ગંદકી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદ વગેરે દૂર કરવાના સંકલ્પો લેવામાં આવશે. આ મહિના દરમ્યાન સ્વચ્છતા અભિયાન, રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ જેવા સામાજીક સેવાના કાર્યક્રમો ભાજપ દ્વારા કરવામાં આવશે.

શ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, "ભારત જોડો" ના આહ્‌વાન સાથે "નયા ભારત"ના નિર્માણ માટે ના સમગ્ર કાર્યક્રમો માટે પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશની એક બેઠક તા. ૧૮ મી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે ભાજપ પ્રદેશ કાર્યાલય, "શ્રી કમલમ્", કોબા, ગાંધીનગર ખાતે મળશે. તેમાં રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો અને જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ હાજર રહેશે.

પ્રવકતા શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, ૨૦૨૨ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ થાય છે, ત્યારે ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી "સંકલ્પ સે સિધ્ધિ" સાથે "નયા ભારત" મંથનના ગુજરાતમાં તા. ૩૦ ઓગષ્ટ સુધીમાં ૭-૮ કાર્યક્રમો ગોઠવવામાં આવશે. તેમા કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને રાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૨** **તા. ૧૨.૦૮.૨૦૧૭**

**રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષા અને લોકસભાના સાંસદ શ્રીમતી પૂનમ મહાજને ૪૧ જીલ્લાના પ્રમુખો ને તિરંગો આપી "ભારત જોડો" અભિયાનનો અમદાવાદ ખાતે પ્રારભ કરાવ્યો.**

---------------------

**ચરૈવેતી ચરૈવેતીના મંત્રની સાથે અંત્યોદયના સપના સુધી યુવા મોરચો કામ કરશે - શ્રી પૂનમ મહાજન**

---------------------

**કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પાસે યુવાનો માટે વિચારવાનો સમય નથી - શ્રી પૂનમ મહાજન**

---------------------

**વિપક્ષની સમાજ તોડોની નીતિને નિષ્ફળ બનાવવા સમાજના બધા લોકોને એક કરી યુવા મોરચો "ભારત જોડો" અભિયાન કરશે – ડૉ. ઋત્વિજ પટેલ**

---------------------

**રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી પૂનમ મહાજને કરમસદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસ સ્થાનની મુલાકાત લીધી.**

---------------------

ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી ડૉ. નેહલ શુકલા એ જણાવ્યું હતું કે આજ રોજ અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સીટી કન્વેશન હોલમાં ગુજરાત યુવા મોરચા દ્વારા રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષા અને લોકસભાના સાંસદ શ્રીમતી પૂનમ મહાજન અને પ્રદેશ મહામંત્રી કે.સી પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં ૪૧ જીલ્લા યુવા મોરચાના પ્રમુખોના હાથમાં તિરંગો આપી "ભારત જોડો" અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષા શ્રીમતી પૂનમ મહાજને યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, પંડિત દીનદયાળજીના સપનોને સાકાર કરવા "ચરૈવેતિ ચરૈવેતિ" મંત્રની સાથે અંત્યોદયના સપના સુધી યુવા મોરચો કામ કરશે. "ભારત જોડો" નો ઉદેશ્ય એ નવભારતનું નિર્માણ કરશે. "ભારત જોડો" અભિયાન એ ભારત વર્ષના સ્વાતંત્ર્ય સેનાનીયોના બલિદાને યાદ કરાવી દેશભક્તિ અને એકતાની ભાવના ને દ્રઢ કરશે.

શ્રીમતી મહાજને કોગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું હતું કે, રાહુલ ગાંધી પોતાને યુવા કહેવડાવતા હોય ત્યારે યુવાનો માટે એમણે શું કર્યું એ પ્રશ્ન છે. બનાસકાંઠામાં આવી પૂરગ્રસ્ત લોકોની સેવા કરવાને બદલે પત્થર પર રાજનીતિ કરી જતા રહ્યા તેવા તીખા શબ્દોમાં રાહુલ ગાંધીની ઝાટકણી કાઢી હતી.

પ્રદેશના મહામંત્રીશ્રી કે. સી. પટેલે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, "ભારત જોડો" અભિયાન એ યુવા મોરચો જીલ્લામાં ગામે ગામના એક એક વ્યક્તિ સુધી આ વિચારોને પહોચાડે તેવું અહ્વાન તેમણે કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મોરચો સક્ષમ છે, તેમ શ્રી પટેલે કહ્યું હતું.

પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ શ્રી ડૉ. ઋત્વિજ પટેલે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે, કોંગ્રેસ હતાશ અને નિરાશ થઈ ગઈ હોય ત્યારે ગુજરાતની શાંતિ, સલામતી અને વિકાસમાં ખલેલ પહોંચાડવાનો નિષ્ફળ પ્રયાસ કરતી હોય ત્યારે "ભારત જોડો" અભિયાન દ્વારા તમામ લોકોને ભેગા કરી "સંકલ્પ સે સિધ્ધિ" "ભારત જોડો" મંત્ર સાથે યુવા મોરચાના કાર્યકર્તાઓ આ અભિયાનને ગુજરાતના ખૂણે-ખૂણે પહોંચાડવાનું કામ કરશે.

આ કાર્યક્રમમાં રાજયકક્ષાના મંત્રીશ્રી ડૉ. નિમર્લાબેન વાધવાણી, પ્રદેશ યુવા મોરચાના પ્રભારીશ્રી અભિષેકસિંઘ, પ્રદેશ મંત્રીશ્રી હર્ષદગીરી ગોસ્વામી, શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી પ્રદિપસિંહ વાઘેલા, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ યુવા મોરચાની ટીમ અને યુવા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ ગુજરાત યુનિવર્સિટી કન્વેશન હોલથી વિજય ચાર રસ્તા સુધી પદયાત્રા યોજાઈ હતી.

રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી પૂનમ મહાજન, યુવા મોરચાના પ્રભારીશ્રી અભિષેક સિંઘ અને યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલે કરમસદ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસ સ્થાનની મુલાકાત લીધી હતી, તેમ ડૉ. નેહલ શુકલાએ અંતમાં જણાવ્યું હતું.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**મીડીયા વિભાગ**